ભજન ઉપદેશ.


મેહેરબાનદ ગાગા વ્યાસ ભોળાનાથે બનાવેલો તે.

વઈશ્નવ ભક્તોને માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર

સોની. છોટાલાલ કસળદાસ.

આવૃત્તિ ૧ લી, પ્રત એક હજાર.



અમદાવાદ

રાયપુર આકાશેઠના કુવાની પોળ સામે મેહેતા વ્હાલાભાઈ
કરસનદાસના મકાનમાં **ઈન્ડિયન ગાઈડ** પ્રેસમાં
ભોગીલાલ બુલાખીદાસ માસ્તરે છાપ્યો.

સંવત ૧૯૪૮—સને ૧૮૯૨

કીમત બે આના.

ભજન ઉપદેશ.

—:૦:—

મેહેમદાવાદ વાળા વ્યાસ ભોળાનાથે બનાવેલો તે.

વઈશ્નવ ભકતોને માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર

સોની. છોટાલાલ કશનદાસ.

આવૃત્તિ ૧ લી, પ્રત એક હજાર.



અમદાવાદ

રાયપુર આકાશેઠના કુવાની પોળ સામે મેહેતા વ્હાલાભાઈ
કરૂણાશંકરના મકાનમાં **ઈન્ડિયન આઈડ** પ્રેસમાં
ભોગીલાલ બુલાખીદાસ માસ્તરે છાપ્યો.

સંવત ૧૯૪૮—સને ૧૮૯૨

કીમત બે આના.

જયજય

વ્યાસજી ભોળાનાથનાં રચેલાં ભકતી રસનાં પદ.

ભજન કરવાની ધુનો.

૧ સીતા રામ રામા રામ હરે.

૨ કૃશ્ન કૃશ્ન કૃશ્ન હરે, રાધા કૃશ્ન કૃશ્ન હરે.

૩ ગીરીવરલાલ અમ્રીતસાર ભજન કરાવો વારંવાર.

૪ ભજો નારાયણ નારાયણ જય ગોવીંદ હરે.

૫ ગોવીંદા ગોપાળા કેશવા માધવા.

૬ કૃશ્ન રામા રામા રામા કૃશ્ન રામા રામા રામા કૃશ્નરામહરે.

૭ સીતારામ સીતારામ ભજ પ્યારે, નહી જન્મ વારંવારે.

૮ હરીરે રામ રામ રામ સીતા શ્રી રામ રામ.

૯ ભજો રાધે રાધે રાધે ભજો રાધે ભજો રાધે કૃશ્ન ગોવીંદા.

૧૦ રામજી રામજી રામજી હરે, સીતારામજી રામજી હરે.

૧૧ રણછોડ રાયા માઈ બાપા દીન બંધુ દયાળા.

૧૨ વીઠલ વીઠલ માઈ બાપા હરે, કૃશ્ન રામા રામા સીતાપતી.

શ્રી રણછોડરાય પ્રસન્નોસ્તુ
શ્રીરામાયણમસ્તુ.

પદ. ૧ લું.

(માજન માજન મળજ્યોરે, મળતાનો મેળો.) એ રાગ.

ભજીયો ભજીયો ભજીયોરે, રઘુવરને ભાઈ;
તો નીશ્ચે નહીં આવોરે, ચોરાશી માંહી. ૧
લાભ નથી કાંઇ જાણોરે, હરીનામ વિનાનો;
દુરમતીયાં સમજાવેરે, તે મુરખ માનો. ૨
હરી ભજતાં સુખ સાથીરે, સંકટ જો આવે;
તો આયુધ હરી લઇનેરે, તુજને મુકાવે. ૩
ઠરીદ્ર પડે તુજ માથેરે, પણ ખબર લે તારી;
પરમ પ્રીયા પોતાનારે, મોકલે ઘેર ન્યારી. ૪
નામનો મહીમા મોટોરે, સંતે સત્ય કરીયો;
માહા હત્યારો વાલ્મીકરે, તે નામે તરીયો. ૫
વેસ્યા પણ વેમાનેરે, સાગુમા ચડી આપે;
કારણ દુક્રત તેનાંરે, તરી રામને પ્રતાપે. ૬
અજામેળ માહા પાપીરે, દુરમતીનો ભરીયો;
નામ લેતામાં સુતનુંરે, ભવ સાગર તરીયો. ૭
એવા અવસરો ઓધારેરે, શ્રી અંતરજામી;
વ્યાસ ભોળા તું ભજીલેરે, નહી રહે કશી ખામી. ૮

પદ ૨ જું.

(હે હરી નામકો નાવરે, જાકુ સંત ચલાવે.) એ રાગ.

હાંરે જેણે ભજ્યા તે શ્રી ભગવાન, ખડ ભાગીતે કહાવ્યો;
હાંરે તેતો પામ્યો જગતમાં માન, ફરી ગર્ભવાસ ન આવ્યો. ૧
હાંરે ધન્ય હોરી એની માત, એણે શાં સુકૃત કીધાં;
હાંરે જન્મ્યો એ પુત્ર વિખ્યાત, કુટુંબનાં કારજ સીધ્યાં. ૨
હાંરે જેના કુળમાં પ્રગટયો ભકત, દુરમતીયાંને આધારે;
હાંરે એને ચર્ણે નમે સહુ જગત, કુળ ઇકોતેર તારે. ૩
હાંરે વળી અલ્પ મતી જે કેહેવાય, મુરખ કોઇ જાણે નાહી;
હાંરે કેહેશે હરીને ભજે શું થાય, ખડે છે જગતની માંહી. ૪
હાંરે એને જન્મતાં એની માએ, સોદને ના નાંખ્યો મારી;
હાંરે એનું પોષણ કરેથી શું થાય, એથીતો વાંઝણી સારી. ૫
હાંરે માટે વ્યાસ ભોળા તું ચેત, સીદ કહે છે મારૂં મારૂં;
હાંરે આછે મીથ્યા જગતનું હેત, હરી વિના કોઇ નથી તારૂં. ૬

પદ ૩ જું થાળ.

(માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે.) એ રાગ.

આવો આવોને રઘુવરજી જમવા કારણે,
હો શરણાંગત વત્સલ અધમ ઓધારણ રામ;
સુખના સાગરછો પ્રભુ દીનબંધુ સીતાપતી,
આણું દ્વારી મંગળ ભકતનાં પુરણ કામ.
આવો આવોને રઘુવરજી જમવા કારણે. ૧
મારે આજ અનોપમનો દિવસ હરી છે વળી,

મારા ભાગ્ય તણો હવે નરહ્યો કાઇએ પાર;
કોટી કોટી જન્મનાં સુક્રીત તે ઉદે થયાં,
મારે ઘેર પધાર્યા દસરથ રાજકુમાર. આવો. ૨
શું પીરસું હું તમને સામગ્રી મે બહુ કરી,
પાર ન આવે નવ થાય શેસ થકી વીસ્તાર;
પરથમ પીરસ્યો માંહી કમાબાઇનો ખીચડો
ઇચ્છા હોયતો માગી લેજો વારંવાર. આવો. ૩
વળી માંહી બીજો પાક બનાવ્યો મેં પ્રીતે કરી,
તેનું મુખથી વર્ણન મેં નવ થાય જુગદીશ,
માગી લાવ્યો હું તો તાંદુળ સુદામા તણા,
હળવા હળવા જમજો રખે લાવતા રીસ. આવો. ૪
હું તો ભાવના ભુખ્યા જોઇને અતી હરખ્યો ઘણું,
ધન પુરસોતમ વાહાલા દસરથ રાજકીશોર;
જમતાં જમતાં મારા સમછે શરમાશો નહી,
હરી મેં પીરસ્યાંછે માંહી શબરી કેરાં બોર. આવો. ૫
શાક સામગ્રીનાં પ્રભુ વખાણું તે હું શાં કરૂં,
ભાજી વીદુર ઘરની લાવ્યોછું ધરી હેત;
વારી શુત દેવનું તો પાન કરો પ્રીતે કરી;
હું અપરાધી વિના આવું કોણ તમને દેત. આવો. ૬
વળતી મુખવાસ લેઇને દાસને કરૂણા કીજીએ,
વ્યાસ બોળાને છે એક પ્રસાદ કેરી આશ;
માગું અખંડ અવીચળ ભકતી પ્રભુ હું તમ તણી,
જનુંની જઠરે નાખું રાખો ચરણની પાસ. આવો. ૭

પદ. ૪ થું

(રાગ ગોડી.)

રામ નામ મુખ ગાવે, જે જન રામ નામ મુખ ગાવે,
ધન ધન તેના માત પીતાને, બડભાગી તે કહાવે. જે. ૧
આકળીમાં બીજાં સાધન કરે પણ, રામ નામ સમ નાવે. જે. ૨
ભાવ ધરી સીતારામ કહે તેનો, ચોરાશી ફેરો મટી જાવે. જે. ૩
વ્યાસ ભોળા જેણે હરીને ભજીયા, તે જનુંની જઠરે નાવે. જે ૪

પદ. ૫ મું

(રાગ ઉપરનો.)

રામ નામ નવ ગાયા, જે મુખ રામ નામ નવ ગાયા; ટેક
વાટ ઉઠી તેની વરણાગીમાં, જનુંનીયે તે સીદ જાયા. જે.
શું થયું જપતપ વૃતદાનકીધે, ઓળખ્યા નહી રઘુરાયા. જે.
સાચું રામનું નામ મુકીને, માની સંસારની માય. જે.
વ્યાસ ભોળા હરીનામ ન જાણ્યું, લક્ષચોરાશી અથરાયા. જે.

પદ. ૬ ઠું

(નહીં આવું હો નંદલાલરે મહીડાં મારારે.) એ રાગ.
તું તો ભજીલેને સીતાના સ્વામરે, બાહાર જાને ડેકીરે;
તેં તો કુટ્યો આખો સંસાર, મઝા નથી હેવીરે. ૧
અધ્યા મુરખ મુઢ ગમારરે, વિચાર કર આવારે;
મોટા અજગર ફરે છે વન, કોણ આપે ખાવારે. ૨
વળી વિચારીને સત્ય માનજે સંતની વાણીરે;
જોને પર્વત ઉપર ઝાડ કોણ પાય પાણીરે. ૩

એવા દયાળુ દીના નાથને, સરમ આવે ગાતાંરે;
જાણ્યો જનું નીપે તુજને જ્યારે, આવરતું કયાં ખાતાંરે. ૪
મેહેર કરી હરીએ તુજ ઉપર, કષ્ટ તારૂં કાપ્યું રે;
માનો પંચમા ભુતનો દેહ, દુધ કયાંથી આપ્યું રે. ૫
એવું રક્ષણ કરેછે રામ, તેને ભુલ્યો અભાગીરે;
ખાસ સોળા વર્ષે રી તુજ, જેને તું તો જાગીરે. ૬

પદ ૭ મું.

(રાગ ઉપરનો.)

અરયા મુરખ પાપી જન, માયામા કેમ મોહયોરે;
આ મીથ્યા દેખી સંસાર, નેણાં ભરી રોયોરે. ૧
તારા જીવતરને ધિકારરે, જુઠાને ખાગ્યોરે;
મુવો તેનું ના દેખે ફરી મુખ, તોએ ના લાજ્યોરે. ૨
નથી એકને માથે દુઃખરે, શું પડે કેહેવું રે;
આખા વિશ્વમાં જાણજે એમ, આવે તે સેહેવું રે. ૩
નથી પુત્ર પરીવારમાં સુખરે, જુઠી છે આજીરે;
માટે એમાં ન રાખીશ મન, રામ કર રાજીરે. ૪
જેને સગર જેવો ભુપતી, વીચાર જેનો ઊંડોરે,
મુવા કુંવર સાઠ હજાર, તે દુઃખમાં બુડયોરે. ૫
વળી દસરથ જેવા રાય, જેને બાપ નડીયોરે;
પ્રાણ જાય કોઇ નહીં પાસ, વિયોગે પડીયોરે. ૬
વળી ચિત્રકેતુ નામે રાય, તેની ખ્યાત અતી મોટીરે;
ઘેર ગુણવંતીછે ઘણી નાર, સંખ્યા એક કોટીરે. ૭

આવ્યો હર્ષ શોકનો પુત્રરે, પ્રસન બહુ થયોરે;
થોડા દીનમાં દેખાડી સુખ, દેહ છુટી ગયોરે. ૮
જોને નંદ જસોદા રાણીને, વહાલા પરીક્ષરે;
ગયા મુકી મથુરાં માંહ્ય, થયું હશે કેમરે. ૯
વળી દેવકીના ખટબાળને, કંસે પછાડયારે;
કેવા સાલતા હશે વસુદેવને, અવળાને આડારે. ૧૦
અભિમુન્ય જેવા રાજકુમારરે, ચક્રગઢ જીત્યે રે;
મુવો તે સમે માત પીતાને, શો ખારીયો વીત્યોરે. ૧૧
બાઇ શ્રવણ સરખા નરનાર તે, આંખે નવ દેખેરે;
તેના કુંવરને દસરથે માર્યો, તારૂં દુઃખ શા લેખેરે. ૧૨
એવા ઘણાને પડયાછે વીજોગરે, કરમની એ ગતીરે;
વ્યાસ ભોળા વિચારીને મન, ભજો સીતા પતીરે. ૧૩

પદ ૮ મું.

(સખી આવેલો કારતગ માસ કે કંથ સોધાવીયા.) એ રાગ.

મારૂ તન મન ધંન હેરામ, હું તમને ભુલીયો;
મારા જીવ્યાને ધિક્કાર, દેવાળામાં ડુલીયો. ૧
બાપ વિષયમાં બનિ ગયો અંધ, પડયો છું વેહેવારમાં;
નથી સુઝતો એકે ઉપાય, મુવો હું વિચારમાં. ૨
મુને જગત કહેછે ભક્ત, મહાનું જોઇ તાહરૂં;
એહવું મુજને ઘણું છું માન, ગજું કોણ માહરૂં. ૩
હું તોફાની પાખંડી અધરમી, ત્રણ્યાનો મારીયો;
મુકે ભક્તને મુજાણી ઘેરે ઘેર, એ ધંધો મેં ધારીયો. ૪

આપ હવે ગતી શી થાય, રહ્યો શા સુખમાં;
નથી ક્ષણુ એકનો વિશ્વાસ, છું કાળના મુખમાં. ૫
હવે હદ થઈ દીનાનાથ, કરૂણા કીજીયે;
વ્યાસ ભોળાનો પકડી હાથ, ચરણુમાં લીજીયે. ૬

પદ. ૯ મું.

(ઓધવ નંદનો છોરો તે નમેરો થયોજે.) એ રાગ
નથી કેમ જતા હરીના, ભજનમાંજે;
તેં તો શું ધારયું છે મુર્ખ તારા મનમાંજે. નથી. ટેક.
બહુ બોલે છે અલ્પા વાણી મન ભાવતીજે;
વાત પ્રભુની રૂદે નથી આવતીજે. કેમ. ૧
મળ્યો પૈસો ત્યારે સાજમાં લેવાઇ ગયોજે;
સુવો મોટમમાં એકમાં તું ના રહ્યોજે. કેમ. ૨
લાજ મેળના દેવું લેણું ઘણું કરીજે;
રણના છુટશું તારૂં લક્ષ ચોરાશી તણુંજે. કેમ. ૩
તેનું વ્યાજ આલવાનું મળતું નથીજે.
વ્યવહાર વાતમાંતો રાત દીન મુવો મથીજે. કેમ. ૪
માટે પતવો વ્યાજ સુદ્ધા દેવું આપનું જે;
વ્યાસ ભોળા ખત લખ્યું છે ખરી છાપનું જે. કેમ. ૫

પદ ૧૦ મું.

(શું રે સુતો તું પ્રાણીયા તુને મ કેમ નાવે.) એ રાગ.
હરિને ભજીલે તુ જીવડા, તારી શી ગતી થાશે;
ભાર માથે સંસારનો, ક્યારા કેઇ ચરે જાશે. ૧

જમદુતો આવી જ્યારે ઘેરશે, ત્યારે પસ્તાશો પ્રાણી;
પરિવાર સરવે પરા રેશે, એવી વેળા જાણી. ૨
દ્રવ્ય તો સાથે આવે નહી, જમ મારતા જાશો;
બહુ લોકોને બીવરાવતા, માર શી પેરે ખાશો. ૩
જીભને રૂડું ખવરાવિયું, એમ ધર્મજ કહેશે;
તે જીભ્યાએ હરી ના ભજ્યા, તુને શમજ દેશે. ૪
તેત્રીસ કોટી જેના હુકમમાં, એવા પરિબ્રહ્મ પોતે;
જ્ઞાની ધ્યાની મોટા જોગીને, નાવે સ્વપનામાં જોતે ૫
એવા પ્રભુ એક ભજનથી, આવી ખોળામાં બેસે;
ભજન ચુકીને ભોળા તું, રખે બીજામાં પેસે. ૬

પદ ૧૧ મું.

(રામ રાણીયે.)

અધ્યા મુરખારે જગતમાં જન્મી તેં શું કરયું;
અધ્યા મુરખારે હરીજન જોઈ હઈડું નાઠરયું. ૧
અધ્યા મુરખારે ગર્ભમાંનો કોલ ભુલી ગયો;
અધ્યા મુરખારે દુરિજનના સંગમાં રહયો. ૨
અધ્યા મુરખારે દેવાણું તેં કાઢયું ઘણું;
અધ્યા મુખારે ના છુટયું રણુ ચોરાશી તણું ૩
અધ્યા મુરખારે વેહવારની વાતોમાં ગાજ્યો;
અધ્યા મુરખારે હરિ નામ લેતાં તું લાજ્યો. ૪
અધ્યા મુરખારે બાતુ ના લખ્યું હરી નામનું;
અધ્યા મુરખારે પાપ ધોયું આખા ગામનું. ૫

અલ્યા મુરખારે કુકર્મ કર્યાં મન ભાવિયાં;
અલ્યા મુરખારે જુઠાં આળ ભકતને ચડાવીયાં ૬
અલ્યા મુરખારે ના બેઠો હરીજનની ગોદમાં
અલ્યા મુરખારે બેઠો ભવાઇની મોદમાં. ૭
અલ્યા મુરખારે સંત વચન ના રેહેવાયું ખમી;
અલ્યા મુરખારે ઘરવાળીની ગાળો ગમી. ૮
અલ્યા મુરખારે ના માન્યું સંતે કહ્યું ઘણું;
અલ્યા મુરખારે પછી ખોયું પરીઆ તણું. ૯
અલ્યા મુરખારે હજુ સમજણુ તો નથી પડી;
અલ્યા મુરખારે કાળની તો ફોજ માથે ચડી. ૧૦
અલ્યા મુરખારે જમડા આવીને લઇ જશે;
અલ્યા મુરખારે ત્યાં ગતી શી તારી થશે. ૧૧
અલ્યા મુરખારે વ્યાસ ભોળા ચિત્ત રાખ રામમાં;
અલ્યા મુરખારે એ વિના બીજું નાવે કામમાં. ૧૨

પદ ૧૨મું.

(હાથી વેવાઇ મારા ખાંતી વેવાઇએ) એ રાગ.

આજ સાહેલી મેં તો હરીરસ પીધો;
અમુલ્યો લ્હાવો લીધોરે—મેં તો હરી રસ પીધો. ટેક
આટલા દિવસ મેં તો આવું ના જાણ્યું;
સંસારનું સુખ માણ્યુંરે— મેં તો. ૧
હરિજન પાધો ઘરમાં મળ્યાંતાં અભાગી;
તેની સંગતમાં મારી સુરતા ન લાગી— મેં તો ૨

એમાંથી છુટી જ્યારે સતસંગ લાગ્યો;
નામનો ઘાવ મારા રૂદયામાં વાગ્યો— મેં તો.
હવે આ બેની હું તો કોઈને ન માનું;
નાંખ્યો મેં છેડો માથે નહી રાખું છાનું—મેં તો. ૪
વિઠ્ઠલ વર વરિયો બેની મુખડાનો માગ્યો;
અવિચળ ચુડો પેહેરયો ભય મારો ભાગ્યો—મેં તો. ૫
સુણ સખી એ વર મારે રૂદીયે સમાયો;
વ્યાસ ભોળાએ રસ ગાયોરે— મેં તો. ૬

પદ. ૧૩ મું.

(અગર ચંદનના ઓરડા સુકઠ રચીયાં કમાડરે.) એ રાગ

આરે સંસારમાં જન્મીને, પ્રાણી શા સુખ લીધારે;
માયાના મદમાં મરી ગયો, કશાં કામ ન કીધારે. ૧
મારૂં મારૂં કરીને મુવો, મુરખ સમજણ નાવીરે;
ઘર ઘરાણી પ્રજા દેખીને, તુને લાજ ન આવીરે. ૨
હરી નામ લેતાં તું લાજ્યો, દેખી માયાની જાળરે;
અંતે એ કોઈ કોઈનું નથી, સાચા દીન દયાળરે. ૩
મનુશા દે દુર્લભ દેહને, મહા પ્રાણીથી મુકેરે;
ભટકેશ આરે બ્રાહ્મમાં, ચેત ચેત શું ચુકેરે. ૪
ત્યાં સુખ તુજને નહી પડે, દુઃખ દરિયાના જેવુંરે;
માટે રીઝાવી લે રામને, મટે ગર્ભમાં રેહેવુંરે. ૫
અધમ ઓધારણ નાથજી, અભય પદ તુને આપેરે;
કર્મ ના ભુતે ઉપનું, પોતાનો કરી થાપેરે. ૬

ભોળા તુજને કહું, નીત હરી ગુણ ગાજેરે;
તો મુકી ઘરી ઘરી, રસ રામનો પાજેરે. ૭

પદ. ૧૪ મું.

(લાખેણી લાડી લઈ ગયોરે.) એ રાગ.

રામ રામ રામ રામ કહોને, મનુષ્યાદેહ ફરી નહી મળેરે;
તજી દોને સંસારના મોને, મનુષ્યાદેહ ફરી નહી મળેરે; ૧
માયાનોજે મિથ્યા ઠાઠ ઠાલો, મનુષ્યાદેહ ફરી નહી મળેરે;
જાણી જોઈને ધુળ શાને ઘાલો, મનુષ્યાદેહ ફરીનહી મળેરે. ૨
આ અવસરતો ભુલ્યા તમે ભાઈ, મનુષ્યાદેહ ફરી નહી મળેરે;
પડશો જઈને ચોરાશી માંહી, મનુષ્યાદેહ ફરી નહી મળેરે. ૩
તેમાં હરી ભજન નહી થાય; મનુષ્યા દેહ ફરી નહી મળેરે;
એ જન્મારો એળે મારયા જાય, મનુષ્યાદેહ ફરી નહી મળેરે.
માટે લ્યોને નામનું સુખ, મનુષ્યાદેહ ફરી નહી મળેરે;
મટી જાય જનમનું દુખ, મનુષ્યાદેહ ફરી નહી મળેરે. ૫
આ શીખામણ માને નરનાર, મનુષ્યાદેહ ફરી નહીમળેરે.
પ્રભુ તેને ઉતારે ભવ પારે, મનુષ્યાદેહ ફરી નહી મળેરે. ૬
કહેછે વ્યાસ લાગો લાગી પાય, મનુષ્યાદેહ ફરી નહી મળેરે.
સાચા સગા સેવો રઘુરાય, મનુષ્યાદેહ ફરી નહી મળેરે. ૭

પદ ૧૫ મું.

(ભમરા પેહલો જમાનો મારે આવીયોરે.) એ રાગ.
બેની ગયતી હું દસરથના દરબારમાં,
રાયના આંગણે દીઠા રઘુવીર રે આનંદ રસ ઉભરયો. ટેક.

મારૂં મનડું એ રૂપમાં રમી રહ્યું,
ચિત ચોરયું એ શામ શરીરે. આનં૦ ૧
સખી શું વખાણું એના રૂપને,
કોટી ભાનું ભુલે જોઇ ભાનરે. આનંદ ૨
ઇંદ્ર અભિમાન મુકી કોરે રહે,
કામ દેવ મુંઝે જોઇ માનરે. આનંદ. ૩
ધન કોશલ્યા અખંડ સોહાગણી,
જેણે જાયો એ પુત્ર રતનરે. આનંદ. ૪
કોટી જન્મનાં સુકૃત ઉદે થયાં,
દેવ દસરથને કહું છે ધન ધનરે. આનંદ. ૫
મોહોટા જોગી જુવે જેને ધ્યાનમાં,
શંકર સમરણ કરે જેનુ નિત્યરે. આનંદ. ૬
એવા અખંડ અયોધ્યામાં પ્રગટીયા,
મારી એ સાથે લાગી છે પ્રીતરે. આનંદ. ૭
મુને ઘરનો તે ધંધો ગમે નહીં,
નથી ગમતો આ જગત વહેવારરે. આનંદ. ૮
રાજા રાખે જો મુજને દાસી કરી,
મારા ભાગ્યનો ના રહે પારરે. આનંદ. ૯
એવું કહેતામાં સમાધી એને થઇ,
રામ રૂપમાં થઇ તદાકારરે. આનંદ. ૧૦
ભાલ ભોળાના સ્વામી ત્યાં પધારીયા,
આપ્યાં દરશન માગ્યાં આધારરે. આનંદ. ૧૧

પદ ૧૬ મું.

(મારા માહા દેખાને વેવાઇ પીહી ગયો.) એ રાગ.

ઘર આવે છે કેમ અભાગીયા,
જાગ જાગ થવા બેઠું જાનરે— ભજ રામને. ટેક
માથે કાળાં મટીને ધોળાં આવીયાં,
તોયે મુકે નહીં અભિમાનરે— ભજ રામને. ૧
ફેલ્લે આવશે કંપરો કાળનો,
તુને ઘેરશે ચારે પાસરે— ભજ રામને. ૨
અહીયા કોઇનું કહ્યું નવ માનતો,
કેમ સેહેશો તે જમનો ત્રાસરે— ભજ રામને ૩
પરીવારમાં પ્રભુને ભુલી ગયો,
હવે કોણ લેશે સંભાળરે— ભજ રામને. ૪
માટે ચેતીલે ચેતાવું તુજને,
તારા આવીતા આવશે કાળરે— ભજ રામને ૫
આજે દેખે છે તે સરવે ધુળ છે,
જેવો બાજીગરનો ખેલરે— ભજ રામને. ૬
એમ અંતે તે કોઇ કોઇનું નથી,
માટે મુરખ મમતા મેલરે— ભજ રામને. ૭
જેવું રાતમાં સ્વપ્નું આવે તુને,
એનો જાગેથી મિથ્યા થાયરે— ભજ રામને; ૮
એહેવું આપણું સ્વપ્નું જાણજે,
જ્યારે ત્યારે પણ એ જાયરે— ભજ રામને. ૯
માટે વ્યાસ બોળા તું લોભાઇશની,

હરી નામનું લે હુશીયારરે— ભજ રામને.
ઢાલ ધરી લે ધીંગા ધણી તણી,
પછે કોઇનો શોછે ભારરે— ભજ રામને. ૧.

પદ. ૧૭ મું.

(વારી જાઊ શ્રી નાથને.) એ રાગ.

આજ આનંદ મંગળ અતી ઘણા,
જ્યારે પધાર્યા અજોધામાં રામ.
વારી સીયા રામને. ટેક.
મોક્ષ દાયની પુરી રૂડી શોભતી,
જાણે હોયની વૈકુંઠ ધામ. વારી. ૧
પુજા સામગ્રી લેઇ લેઇ હાથમાં,
ઉભી કોટીક નગ્રની નાર. વારી. ૨
રઘુનાથને વિધીયે વધાવતી,
થાળ મોતીની પુંજ અપાર. વારી. ૩
હરખી નીરખી લેતી ઓવારણાં,
ગાતી રૂડાં ત્યાં મંગળ ગીત. વારી. ૪
જોતી ચંદ્રમા જેમ ચકોરણી,
જેહની લાગીછે પ્રભુમાં પ્રીત. વારી. ૫
ઘેર ઘેર દીપક છે ઘી તણા,
બાંધ્યા તોરણ મોતીનાં હાર. વારી ૬
વેર્યા ચંપાનાં ફુલ શેરીમાં ઘણાં,
ચંદન અત્તર છાંટ્યાં અપાર. વારી. ૭
વાગે અનાહદ વાજાં ઘણાં તે સમે,

ગાય ગુણીજન ગાંધર્વ ગાય. વારી. ૮
બોલે સીતા તે સાસુના સાથમાં,
એમ આનંદ કહ્યો નવ જાય. વારી. ૯
દેવ દુંદુભી આકાશમાં વાગીયાં,
પુષ્પ વૃષ્ટી ત્યાં ક્ષણે ક્ષણે થાય. વારી. ૧૦
એવાં શુભ સીતાપતી આવતા,
આવ્યા રાજદ્વારે રઘુરાય. વારી. ૧૧
માતા કૌશલ્યાયે ઉતારી આરતી,
વારી જાઉં રઘુ કુળ ચંદ. વારી. ૧૨
ખાસ ભોળાના હૃદયમાં એ રૂપ વસો,
હું તો પામર છું મતીમંદ. વારી. ૧૩

પદ. ૧૮ મું.

(આવીછે અમદાવાદની ગુજરે ગાગરીયા ભરી.) એ રાગ.

ભજન કરી લ્યો ભાવથી, સોહાગી સંતો;
તરવાનું છે એ નાવથી, સોહાગી સંતો. ૧
મનુષ્ય જન્મ ફરી નહી મળે, સોહાગી સંતો;
સ્મરણ વિના તો સંકટ નહી ટળે, સોહાગી સંતો. ૨
દીનતા રાખીને રસ ચાખીયે, સોહાગી સંતો;
સમ દ્રષ્ટી સહુના ઉપર રાખીયે, સોહાગી સંતો. ૩
શત્રુ તે મિત્ર સમ જાણીયે, સોહાગી સંતો;
ક્રોધ દીન કોય ના આણીયે, સોહાગી સંતો. ૪
કટવું મીઠું મનમાં નવ લાવીયે, સોહાગી સંતો;
સાગરની પેઠે સમાવીયે, સોહાગી સંતો. ૫

નેમ લીધાનું કંગ એહ છે, સોહાગી સંતો
સૌ સાથે જેને સ્નેહ છે. સોહાગી સંતો.
વ્યાસ સોણા કહે કરગરી, સોહાગી સંતો;
એવે ભાવે મળે શ્રી હરી. સોહાગી સંતો. ૭

પદ. ૧૯ મું.

(મારાં ડાઘલાંરે, ગાંડાં કેમરે વેડાય.) એ રાગ.

અહ્યા મુરખારે, કેમ હરી ના મળ્યા,
તેંતો સરવે ખોયું, વિચારી ના જોયું;
મન મોહ્યુંરે, પામી માયામાં. અહ્યા. ૧
ના તું સમજ્યો રીત, કયાંછે મનુખા ઓત;
નથી ચિતરે, રઘુરાયામાં. અહ્યા. ૨
સુખ ખોળ અહીં, હતો પૈ મહીં;
તોય ગમ નહિરે, શું સુખ પડયું. અહ્યા. ૩
હાથે ભાથે છુતો, ભાહી લબડ્યો હુતો;
હવે શું સુતોરે, આયુષ્ય આવી અટક્યું. અહ્યા. ૪
અહ્યા વ્યાસ સોણા, હરી ન મળે ખોળ્યા;
ડાહ્યાપણ ડોળ્યારે, દુઃખ કંઇ ન પડે. અહ્યા. ૫
માટે ચેતી લેને, હરી નામ લેને;
દુઃખ રહેનેરે, મહુ બળતાં પડે. અહ્યા. ૬

પદ ૨૦ મું.

(વાડીયા તો પાન ચાવે ને રંગ ઢોળે.) એ રાગ.

બાઇરે તારી ગતી શી થાશે;
સંપતી સરવે લુંટાઇ જાશે. ૧

છુટયો દેહ એટલે કોઇ નહીં તારૂં;
આગળથી વિચાર કરેતો કાંઇ સારૂ. ૨
હરી વિના કોઇ નહી આપણું બેલી,
તીયા પુત્ર કુંટુંબ જાવું છે મેલી. ૩
માતાના ગર્ભમાં ભક્તી કબુલી,
દેખી સુખ સંપત તું ગયો ભુલી. ૪
આગળ માંહી વસે છે તારી,
કહું કર જોડી માન શીખ મારી. ૫
ધર્મના આગળ શું જઇ કેહેશો,
ગર્ભ વચનનો શો ઉત્તર દેશો. ૬
ખરેખરો એનો વિચાર કાંઇ કરજે,
વ્યાસ ભોળા સમજીને વળતી મરજે. ૭

પદ ૨૧ મું.

(જાણુરે ગોવીંદ રામા તમને વિશાર્યા) એ રાગ.

જેણે ના ભજ્યા અવધ બિહારી, તેણે જનુનીને ભારે મારી.
જે સમજી સત સંગમાં ના પેઠો, તે પાપી પથરને નાવે બેઠો.
જેનું ભજનમાં મન નવ મોહ્યું, તેણે પોતાનું કુળ વગોયું.
જેણે હરીરસ મુખડે ન પીધો, તે જન્મ્યાએ કયમ ઝેર ન દીધો
જે મુખમાં નહી રામની વાણી, તેણે તો પીયુ મરીયાનું પાણી.
વ્યાસ ભોળા તું ભજીલે હરીને, ગયો અવસર નહી આવે ફરીને.

પદ ૨૨ મું.

(આખરા મત ડારો પીચકારી) એ રાગ.

આ અવસર તો ફરી નહી આવે, ભાઇરે આ અવસર. ટેક

નહી આવે ફરી મુનશાહેબ મોઘો, લાજ કાંઈક લાવે,
ચેત ચેત વારે વારે શું કહીયે; તરવાનું શું તું બતા
બેઠો છું પથ્થરને નાવે. આ અવસર. ૧
માયામાં તું મગન થયો છું, એહેવો જો હરીમાં થાવે;
તો તારા ભાગ્યનું વણાતી શું કહેવું, સંતોના મનમાં ભાવે;
ફરી ગર્ભવાસ તું નાવે. આ અવસર. ૨
દુરમતીયાનો જો સંગ કરીશ તો, નઠની વાત બતાવે;
ચંડાળ સરખા તેને જાણીને, ભજી લેજે પ્રભુને ભાવે,
પછી પણ કોઈનું ન ફાવે. આ અવસર. ૩
વ્યાસ ભોળાનાથ વીનતી કરે છે, હરીજનને સમજાવે;
દારૂણ દુઃખમાં પણ હરીને ભજશે, તો સંસારથી મટી જાવે.
હરીના સમાન તું કાહાવે. આ અવસર તો ફરી નહી આવે૪

પદ ૨૩ મું.

(રાગ ઉપરનો.)

કયમ ભજતો નથી રઘુરાય, માહરે કયમ ભજતો નથી રઘુરાય.
રઘુનાથને તું તો કયમ નથી ભજતો, આયુશ ઓછું થાય;
નથી ભરૂસો આ જગમાં પળનો; કોણ ગતી કહેવાય,
સગાં નથી માત પીતાય. કેમ ભજતો. ૧
અંત સમે તો હરી વિના તારી સાથે કોઈ નહીં થાય;
કુંટુંબ સહોદર ત્યારે રોશે; મુખે કેહેશે મહા ન્યાહ,
પધાર્યો પોતાની કાય. કેમ ભજતો. ૨
એ મિથ્યા પુઠે કલેશ કરે તે, તારે માથે કેહેવાય;
લીંટ લાળ ને આંસુ પાડે તે તુને ત્યાં આઈ પાય,

.તો ગતી તારી થયે, કેમ ભજતો. ૩
ટે કાહ્યાપણું દુર કરીને, ભજીલે તું રામ સીતાય;
વ્યાસ ભોળાનાથ ફરગરી કહે છે, નથી હવે બીજો ઉપાય,
કર્મનો હોમીશ ક્ષય થાય. કેમ ભજતો. ૪

પદ ૨૪ મું. હરીની ધુમાર.

(કેમ ભગીયેરે કેમ ભરોયે.) એ રાગ.

કેમ નથી ભજતો રામને પાપી પ્રાણી,
હો પાપી પ્રાણીરે પાપી પ્રાણી, હો નથી લાજ લગાર;
કેમ નથી ભજતો રામને પાપી પ્રાણી. ટેક
વહેવારમાંથી ના નીકળ્યો એક ઘડી,
હો એક ઘડીરે એક ઘડી, હો નત ચેત્યો ગમાર. કેમ ૧
હરીનું તો નામ ગમ્યું નહીં કોઇ દહાડો,
હો કોઇ દહાડોરે કોઇ દહાડો, હો મુઢ મુરખ જાણું. કેમ. ૨
અહ્યા મોટપમાં તું મરી ગયો દ્રવ્ય દેખી,
હો દ્રવ્ય દેખીરે દ્રવ્ય દેખી, હો જશે પળમાં પ્રાણ. કેમ ૩
જોને મોટા મોટા ગયા રાજવી નામ ખોઇ;
હો નામ ખોઇરે નામ ખોઇ, હો જેની ફરતી દુવાઇ. કેમ. ૪
તે કરતાં તું શું ઘણો અભીમાની,
હો અભીમાનીરે અભીમાની, હો મેલ મમતા ભાઇ. કેમ. ૫
વ્યાસ ભોળો તુજને કહું ચેતી લેને,
હો ચેતી લેનેરે ચેતી લેને, હો થશે શી ગતી તુજ. કેમ. ૬
હરી વિના અંતે કોઇ નથી અહ્યા તારૂં,
હો અહ્યા તારૂંરે અહ્યા તારૂં, માટે જોને વિચારી. કેમ. ૭

પદ. ૭૫ મું.

રામનવમી જનમ ઓચ્છવનું.

નારાયણ દસરથ ઘેર પ્રગટ્યા, ભોમીનો ભાર ઉતારીજી;
તિમ સાધુ નો સુખ પામ્યા, રાક્ષસને સંહારીજી. નારા.

ધન ધન દસરથ ધન કૌશલ્યા, ધન અવધપુર વાસીજી;
ધન વનસ્પતી ધન ધન સરજુ, પ્રગટ્યા શ્રી અવીનાશીજી. ના.

ચૈત્ર સુદ નવમી અજવાળી, પુષ્પ નક્ષત્ર રવીવારજી.
ભાનુ શિશ બિરાજત તે સમે, પ્રગટ્યા શ્રી દેવમોરારીજી. ના.

દેવના દુંદુભી વાગે નભમાં, કુસુમે વરસ્યા મેઘજી.
પુષ્પ વૃષ્ટી સહુ દેવ કરે છે, નવા નવા ધરતા નેહજી ના. ૪

નારદ ગાન કરે વેણા લઇ, નાચે શ્રી ત્રીપુરારીજી;
વીધી મુખ ચારે સ્તવન કરે છે, ધન ધન અવધ બિહારીજી. ના.

દધી કુમ કુમ અક્ષત લઇ થાળા, નગર નિવાસી સહુ આવેજી;
કૌશલ્યા સુત તારો ચીરંજીવી રહેજો, એમ કહી પ્રભુને વધાવે
જી નારાયણ. ૬

જાચક માગણ ભીડ ભરાઇ, મુખ માંગ્યું લઇ જાયજી;
વિપ્રને દાન દે રાજા દસરથ, ઉલટ અંગ ન માયજી. નારા. ૭

અહો ગુરૂજી મેં શાં પુન્ય કર્યાં હશે, મુજ ઘેર પ્રગટ્યા આપજી;
નામ ધરાવો નિશ્ચે કરી એમ, બોલ્યા રાજા ભુપાળજી. ના. ૮

ધ્યાન ધરી કહ્યું વસીષ્ટ મુનીયે, સરીયાં સરવે કામજી;
વ્યાસ ભોળાનો સ્વામી તુજ ઘેર, નામ જેનું શ્રીરામજી. ના. ૯

પદ ૭૬ મું

હીંડોળો.

(હીંડોળો નવરંગો સુજની, હીંડે સુખે શ્રીવલભરાય.) એ રાગ

સખી આલી સબ નીરખીએ, રામહી ડોલે ઝુલેજુ
રાજા દશરથ ધન કૈશલ્યા, હરખી નરખી મન ફુલેજુ
ફાગુ માસ ત્રતીયા અજુવાળી, હોકાલ સ્વર બહુ બોલેજુ.
રાગણીણી બુંદ વરસે વસુંધાપેર, મહા મુનીના મન ડોલેજુ
સુર સનકાદીક ઓર બ્રહ્માદિક; જાકી માયામાં ભુલેજુ.
વ્યાસ ભોળા એમ કહે કરજોડી, હરી જોઇ હૈયું મારૂ ખુલેજુ.

પદ ૨૭ મું.

(રાગ ઉપરનો.)

સઘન બનમેં રચ્યો હે હીંડોળો, સબ સખી સ્યામ ઝુલાવેજુ. ટેક.
પ્યારી પ્રીતમ દોઉ સંગ બિરાજત, મેઘ ઘટા ચઢી આવે જુ. સ.૧
ભાત ભાંતકે બાજે બાજત, વ્રજ જુવતી મિલી આવે જુ. સ.૨
ફુલી ફુલી ભાર અઢાર વનવેલી, પંછી નાચ્ય નચાવે જુ. સઘન. ૩
ધન વૃંદાવન ધન જમુના જલ, ધન્ય ધન્ય ધરણી કહાવે જુ. સ.૪
દાસનો દાસ કહું કર જોરી, શેશજી પાર ન પાવે જુ. સઘન ૫

પદ ૨૮ મું.

રાગ પ્રભાત.

જસોદા ઝુલાવે નંદલાલને, હાંહાંરે મુખ જોઇજોઇ હરખે. ટેક.
શાં શાં સુક્રીત કીધાં હશેરે, હાંહાંરે આંસુ પ્રેમના પરખે. જ. ૧
લાડકવાયો મારો લાલજીરે, હાંહાંરે મારૂં કુળ અજવાળ્યું;
લેખ વિધાતાએ મેળવ્યોરે, હાંહાંરે એનું ભાગ્ય રૂપાળું. જ. ૨
પ્રથમ આવીતી જેને પુતના, હાંહાંરે તેને ક્ષણમાં મારી;
સકટાસુર સંહારિયોરે, હાંહાંરે નાંખ્યાં વિઘન નિવારી. જ. ૩
કોણ પુન્યે પામી હું પુત્રને, હાંહાંરે મારે હવે નથી બાકી;
એમ જશોદા લે ઓવારણાંરે, હાંહાંરે વ્યાસ ભોળાનો સ્વામી. જ. ૪

સમાપ્ત.

જાહેર ખબર.

એ લખેલા પુસ્તકો અમારા છાપખાનાંમાંથી રોકડી
[illegible] વેચાથી મળશે:—

જ્ઞાન સાગર એ નામનું જ્ઞાન અને વૈરાગથી ભરપુર પુસ્તક તૈયાર છે. જેની અંદર હરીદાસ મહારાજના બનાવેલા સવૈયા; નરભેરામના બનાવેલા છપ્પા, રાગ્યા, તથા પદ; પરચુરણ પદ; અને તુલસીદાસ તથા કબીરજીના બનાવેલા દુહા વિગેરે દાખલ કરેલ છે. હરીજનોના જોવામાં આવું પુસ્તક પહેલાં કદાચીતજ આવ્યું હશે. કીમત ફક્ત બાર આના.

[illegible]બોધ માળા—આ પુસ્તક ઘણુ અમૂલ્ય છે; અમૂલ્ય - [illegible] માટે કે આગળના વખતમાં કેટલાક રાજા પુરૂષો લાખ લાખ રૂપીઆ ખરચી એકેક શીખામણ લેતા તેવી એક નહીં પણ એક સો ઉપરાંત શીખામણો દાખલ કરેલી છે, છતાં કીમત ફક્ત બેજ પૈસા રાખવામા આવી છે.

ભજન ઉપદેશ—(મેહેમદાવાદ વાળા બાલ ભોળાનાથે બનાવેલો) તરેહ તરેહના રાગ સાથે ઉપદેશથી ભરેલો કે જે સ્ત્રી પુરૂષોને પરમ પ્રિય થઇ પડે એવો છે. કીમત બે આના.

ઉપર લખેલાં પુસ્તકો સામટાં ખરીદ કરનારને ઘણુજ સસ્તે ભાવે આપવામાં આવશે.

ભોગીલાલ બુલાખીદાસ, માસ્તર.
ઇન્ડિયન ગાર્ડ પ્રેસનો મેનેજર.